جمعية خدمة المحتوى
الإسلامي باللغات

ضيوف الرحمن
hajjumrh.com



# વ્યાપક દુઆઓ

ગુજરાતી

غوجراتي

ضيوف الرحمن
hajjumrh.com

شركاء التنفيذ :

دار الإسلام
بيان الإسلام
رواد التراجم
المحتوى الإسلامي

يتاح طباعة هذا الإصدار ونشره بأي وسيلة مع الالتزام بالإشارة إلى المصدر وعدم التغيير في النص

Tel : +966 50 244 7000
info@islamiccontent.org
Riyadh 13245-2836
www.islamiccontent.org

# વ્યાપક દુઆઓ [1]
# પહેલો વિભાગ: કુરઆન મજીદમાં વર્ણવેલ દુઆઓ.

1 "રબ્બના તકબ્બલ્ મિન્ના ઇન્નક અન્તસ્ અમીઉલ્ અલીમ"* (અર્થ: હે અમારા પાલનહાર! તું અમારી પાસેથી (આ અમલ) કબૂલ કરી લે, નિઃશંક તું અત્યંત સાંભળવાવાળો અને જાણવાવાળો છે).

2 "વતુબ અલય્ના ઇન્નક અન્તત્ તવાબ્બુર્ રહીમ". (અર્થ: અને અમારી તૌબા કબૂલ કર, તું તૌબા કબૂલ કરવાવાળો અને અત્યંત દયા કરવાવાળો છે).



1-આ વ્યાપક દુઆઓ, જે કુરઆન મજીદમાં તેમજ સાચી હદીષોમાં આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ દ્વારા વર્ણન કરવામાં આવી છે, જેના દ્વારા દરેક સમયે અને દરેક જગ્યાએ દુઆ કરવી જાઈઝ (માન્ય) છે, જેમાં તવાફ, સઇ, અરફાત અને મુઝ્દલિફા વગેરેનો પણ સમાવેશ થાય છે, પરંતુ તે તેના માટે ખાસ નથી.

3 "રબ્બના આતિના ફીદ્ દુનિયા હસનતવ્ વફીલ્ આખિરતિ હસનતવ્ વકિના અઝાબન્ નાર". (અર્થ: હે અમારા પાલનહાર! અમને દૂનિયામાં ભલાઈ આપ અને આખિરતમાં પણ અને અમને જહન્નમના અઝાબથી બચાવી લે).

4 "રબ્બના લા તુવાખિઝ્ના ઇન્નસીના અવ્ અખ્તઅના". (અર્થ: હે અમારા પાલનહાર! જો અમારાથી ભુલચૂક થઈ ગઈ હોય તો તેના પર અમારી પકડ ન કરીશ).

5 "રબ્બના વલા તહમિલ્ અલય્ના ઇસ્રન્ કમા હમલ્તહુ અલલ્ લઝીન મિન્ કબ્લિના". (અર્થ: હે અમારા પાલનહાર! અમારા પર એટલો ભાર ન નાખ, જે અમારા પહેલાના લોકો પર નાખ્યો હતો).



6 "રબ્બના વલા તુહમ્મિલ્ના માલા તોકત લના બિહી, વઅફુ અન્ના વગ્ફિર્ લના વર્ હમ્ના અન્ત મૌલાના ફન્સુર્ના અલલ્ કવ્મિલ્ કાફિરીન". (અર્થ: હે અમારા પાલનહાર! જે ભાર અમે ઉઠાવી ન શકતા હોય, તે અમારા પર ન નાખ, અમને દરગુજર કર, અમને માફ કરી દે, અને અમારા પર દયા કર, તું જ અમારો માલિક છે અને કાફિરો વિરુદ્ધ તું અમારી મદદ કર).

7 "રબ્બના લા તુઝિગ્ કુલૂબના બઅદ ઇઝ્ હદય્તના વહબ્ લના મિન્ લદુન્ક રહમતન્ ઇન્નક અન્તલ્ વહ્હાબ". (અર્થ: હે અમારા પાલનહાર! અમને હિદાયત આપ્યા પછી અમારા હૃદયોને ગેરમાર્ગે ન દોરીશ અને અમને તારી પાસેથી કૃપા આપ, નિ:શંક તું જ ઘણું આપનાર છે).

8 "રબ્બના ઇન્નના આમન્ના ફગ્ફિર્ લના ઝુનૂબના વ કિના અઝાબન્ નાર". (અર્થ: હે અમારા પાલનહાર! અમે ઇમાન લાવ્યા, અમારા ગુનાહ માફ કરી દેં અને અમને આગના અઝાબથી બચાવી લે).

9 "રબ્બિ હબ્લી મિન્ લદુન્ક ઝુર્રિય્યતન્ તોય્યિબતન્ ઇન્નક સમીઉદ્ દુઆ".અર્થ: હે મારા પાલનહાર! મને પોતાની પાસેથી પવિત્ર સંતાન આપ, નિ:શંક તું દુઆને સાંભળવાવાળો છે).

ضيوف الرحمن
hajjumrh.com

10 "રબ્બના આમન્ના બિમા અન્ઝલ્ત વત્તબઅનર્ રસૂલ ફકતુબ્ના મઅશ્ શાહિદીન". (અર્થ: હે અમારા પાલનહાર! તે ઉતારેલી વહી પર અમે ઇમાન લાવ્યા અને અમે તારા પયગંબરનું અનુસરણ કર્યું. બસ! તું અમારું નામ સાક્ષીઓ માંથી લખી લે).

11 "રબ્બનગ્ફિર્ લના ઝુનૂબના વ ઇસ્રાફના ફી અમ્રિના વ ષબ્બિત્ અકદામના વન્સુર્ના અલલ્ કવ્મિલ્ કાફિરીન". (અર્થ: હે પાલનહાર! અમારા ગુનાહોને માફ કરી દેં અને અમારા કાર્યોમાં જે વધારાનો અત્યાચાર થયો છે તેને પણ માફ કરી દેં અને અમને અડગ રાખ અને કાફિરો વિરુદ્ધ અમારી મદદ કર).

12 "રબ્બના મા ખલક્ત હાઝા બાતિલન્, સુબ્હાનક ફકિના અઝાબન્ નાર". (અર્થ: હે અમારા પાલનહાર! તે આ બધું કારણ વગર નથી બનાવ્યું, તું પવિત્ર છે, બસ! અમને જહન્નમના અઝાબથી બચાવી લે).

13 "રબ્બના ઇન્નક મન્ તુદ્ખિલિન્ નાર ફકદ્ અખ્ઝયત વમા લિઝ્ઝોલિમીન મિન્ અન્સાર".
(અર્થ: હે અમારા પાલનહાર! તું જેને જહન્નમમાં નાખી દે, ખરેખર તે તેને અપમાનિત કર્યો અને અત્યાચારીઓની મદદ કરનાર કોઇ નથી).

14 "રબ્બના ઇન્નના સમિઅના મુનાદિયય્ યુનાદી લિલ્ ઇમાનિ અન્ આમિનૂ બિરબ્બિકુમ્ ફઆમન્ના રબ્બના ફગ્ફિર્ લના ઝુનૂબના વ કફ્ફિર અન્ના સય્યિઆતિના વ તવફ્ફના મઅલ્ અબ્રાર".
(અર્થ: હે અમારા પાલનહાર! અમે સાંભળ્યું કે અવાજ આપનાર મોટા અવાજે ઇમાન તરફ પોકારી રહ્યો છે કે લોકો! પોતાના પાલનહાર પર ઇમાન લાવો, બસ! અમે ઇમાન લાવ્યા, હે પાલનહાર! હવે તું અમારા ગુનાહોને માફ કરી દેં અને અમારી બુરાઇ અમારાથી દુર કરી દેં અને અમને સદાચારી લોકો સાથે મૃત્યુ આપ).



15 "રબ્બના વ આતિના મા વઅદ્તના અલા રુસૂલિક વલા તુખ્ઝિના યવ્મલ્ કિયામતિ ઇન્નક લા તુખ્લિફુલ્ મીઆદ". (અર્થ: હે અમારા પાલનહાર! અમને તે આપ, જેનું વચન તે અમારી સાથે પોતાના પયગંબરો વડે કર્યુ છે અને અમને કયામતના દિવસે અપમાનિત ન કર, ખરેખર તું વચન ભંગ કરનાર નથી).

16 "રબ્બના ઝોલમ્ના અન્ફુસના વ ઇલ્લમ્ તગ્ફિર્ લના વ તર્હમ્ના લનકુનન્ન મિનલ્ ખોસિરીન". (અર્થ: હે અમારા પાલનહાર! અમે પોતે જ અમારા પર જુલ્મ કર્યું અને જો તું અમને માફ નહીં કરે અને અમારા પર દયા નહીં કરે, તો ખરેખર અમે લોકો નુકસાન ઉઠાવનારાઓ માંથી થઇ જઇશું).

17 "રબ્બના લા તજઅલ્ના મઅલ્ કવ્મિઝ્ ઝોલિમીન". (અર્થ: હે અમારા પાલનહાર! અમને અત્યાચારી લોકો માંથી ન કરી દે).

18 "હસ્બિયલ્લાહુ લા ઇલાહ ઇલ્લા હુવ અલૈહિ તવક્કલ્તુ વહુવ રબ્બુલ્ અર્શિલ્ અઝીમ". (અર્થ: મારા માટે અલ્લાહ પૂરતો છે, તેના સિવાય કોઈ ઈલાહ નથી, હું તેના પર જ ભરોસો કરુ છું અને તે મહાન “અર્શ” નો માલિક છે).

19 "રબ્બના લા તજઅલ્ના ફિત્નતલ્ લિલ્ કવ્મિઝ્ ઝોલિમીન, વ નજ્જિના બિરહમતિક મિનલ્ કવ્મિલ્ કાફિરીન".
(અર્થ: હે અમારા પાલનહાર! અમને તે અત્યાચારીઓ માટે ઉપદ્રવનું કારણ ન બનાવ. અને અમને પોતાની કૃપાથી તે કાફિરોથી બચાવી લે).

20 "રબ્બિજ્અલ્ હાઝલ્ બલદ આમિનવ્ વજ્નુબ્ની વ બનિય્ય અન્ નઅબુદલ્ અસ્નામ". (અર્થ: હે મારા પાલનહાર! આ શહેરને શાંતિમય બનાવી દે તથા મને અને મારા સંતાનને મૂર્તિપૂજાથી બચાવી લે).

21 "રબ્બિજ્ અલ્ની મુકીમસ્ સોલાતિ વ મિન્ ઝુર્રિય્યતી રબ્બના વ તકબ્બલ્ દુઆઅ". (અર્થ: હે મારા પાલનહાર! મને નમાઝ કાયમ કરનારો બનાવ અને મારા સંતાનને પણ, હે મારા પાલનહાર! મારી દુઆ કબૂલ કર).

ضيوف الرحمن
hajjumrh.com



22 "રબ્બનગ્ફિર્ લી વલિવાલિદય્ય વ લિલ્ મુઅમિનીન યવ્મ યકૂમલ્ હિસાબ". (અર્થ: હે મારા પાલનહાર! મને, મારા માતાપિતાને અને દરેક મોમિનોને તે દિવસે માફ કરી દે, જે દિવસે હિસાબ લેવામાં આવશે).

23 "રબ્બના આતિના મિન્ લદુન્ક રહમતવ્ વહય્યિઅ લના મિન્ અમ્રિના રશદા".(અર્થ: હે અમારા પાલનહાર! અમને તારી પાસેથી રહેમત આપ અને આ વિશે તું અમને માર્ગદર્શન આપ).

24 "રબ્બિશ્ રહલી સોદ-રી વયસ્સિર-લી અમ્રી". (અર્થ: હે મારા પાલનહાર ! મારું હૃદય મારા માટે ખોલી નાખ અને મારા કાર્યોને મારા માટે સરળ બનાવી દે).

25 "રબ્બિ ઝિદ-ની ઇલ્મા". (અર્થ: હે મારા પાલનહાર ! મારા ઇલ્મમા વધારો કર).

26 "લા ઇલાહ ઇલ્લા અન્ત સુબ્હાનક ઇન્ની કુન્તુ મિનઝ્ ઝોલિમીન". (અર્થ: અલ્લાહ તારા સિવાય કોઈ ઇલાહ નથી, તું પવિત્ર છે, ખરેખર હું અત્યાચારી લોકો માંથી બની ગયો).

27 "રબ્બિ લા તઝર્ની ફર્દવ્ વઅન્ત ખયરુલ્ વારિષીન".
(અર્થ: હે મારા પાલનહાર! તું મને એકલો ન છોડ, ખરેખર તું સૌથી શ્રેષ્ઠ વારસદાર છે).

28 "રબ્બિ અઊઝુ બિક મિન્ હમઝાતિશ્ શયાતીનિ વ અઊઝુ બિક રબ્બિ અય્ યહઝુરુન". (અર્થ: હે મારા પાલનહાર! હું શેતાનના વસવસાથી તારું શરણ ઇચ્છું છું, અને એ વાતથી પણ હું તારી પાસે શરણ માગું છું કે તે (શેતાન) મારી પાસે આવી જાય).

29 "રબ્બના આમન્ના ફગ્ફિર્ લના વર્ હમ્ના વ અન્ત ખય્ રુર્ રોહિમીન". (અર્થ: હે અમારા પાલનહાર ! અમને માફ કરી દે, અમારા પર રહમ કર, કારણકે તું જ સૌથી શ્રેષ્ઠ દયાળુ છે).

30 "રબ્બિગ્ફિર્ વર્ હમ્ વ અન્ત ખય-રુર્ રોહિમીન". (અર્થ: હે મારા પાલનહાર ! તું માફ કરી, અમારા પર રહમ કર, કારણકે તું જ સૌથી શ્રેષ્ઠ રહમ કરવાવાળો છે).



31 "રબ્બનસ્સરિફ્ અન્ના અઝાબ જહન્નમ ઇન્ન અઝાબહા કાન ગરામા. ઇન્નહા સાઅત્ મુસ્તકર્રવ્ વ મુકામા". (અર્થ: હે અમારા પાલનહાર! અમને જહન્નમના અઝાબથી બચાવીને રાખ કારણકે તેનો અઝાબ ખત્મ થનારો નથી. નિ:શંક તે રોકાણ કરવા અને રહેવા માટે ખૂબ જ ખરાબ જગ્યા છે).

32 "રબ્બના હબ્ લના મિન્ અઝ્વાજિના વ ઝુર્રિય્યાતિના કુર્રત અઅયુનિવ્ વજઅલ્ના લિલ્ મુત્તકીન ઈમામા". (અર્થ: હે અમારા પાલનહાર! તું અમને અમારી પત્ની અને સંતાન દ્વારા આંખોની ઠંડક આપ અને અમને ડરવાવાળાઓના નાયબ બનાવ).

33 "રબ્બિ અવ્ઝિઅની અન્ અશ્કુરક નિઅમતકલ્લતી અન્ અમ્ત અલય્ય વ અલા વાલિદય્ય વ અન્ અઅમલ સોલિહન્ તર-ઝાહુ વઅદ્ ખિલ્ની બિરહમતિક ફી ઇબાદકસ્ સોલિહીન". (અર્થ: હે પરવરદિગાર ! તું મને તૌફીક આપ કે હું તારી તે નેઅ્મતોનો શુકર અદા કરું, જે તે મારા પર અને મારા માતાપિતા પર ઇનામ કરી છે અને હું એવા નેક કાર્યો કરતો રહું જે તને પસંદ છે અને તું મને તારી રેહમત થી તારા મનપસંદ બંદાઓમાં મને શામિલ કરી દે).

34 "રબ્બિ ઇન્ની ઝલમ્ત નફ્સી ફગ્ફિર્ લી". (અર્થ: હે પાલનહાર! મેં પોતે મારા પર જુલમ કર્યો જેથી તું મને માફ કરી દે).

35 "રબ્બિ નજ્જિની મિનલ્ કવ્મિઝ્ ઝોલિમીન્."
(અર્થ: હે મારા પાલનહાર! મને જાલિમ કોમથી છુટકારો આપ).

36 "અસા રબ્બી અય્ યહ્દિયની સવાઅસ્ સબીલ્." (અર્થ: મને આશા છે કે મને મારો પાલનહાર સીધા માર્ગે લઇ જશે).

37 "રબ્બિ ઇન્ની લિમા અન્ઝલ્ત ઇલય્ય મિન્ ખય્ રિન્ ફકીર".
(અર્થ: હે મારા પાલનહાર! તું જે કઇ પણ ભલાઇ મારી તરફ ઉતારે, તેનો હું મોહતાજ છું).

38 "રબ્બિ હબ્ લી મિનસ્ સોલિહીન". (અર્થ: હે મારા પાલનહાર ! મને નેક સંતાન આપ).

39 "રબ્બિ અવ્ઝિઅની અન્ અશ્કુર નિઅમતકલ્લતી અન્અમત અલય્ય વ અલા વાલિદય્ય વ અન્ અઅમલ સોલિહન્ તર-ઝાહુ વ અસ્લિહ લી ફી ઝુર્રિય્યતી, ઇન્ની તુબ્તુ ઇલય્ક વ ઇન્ની મિનલ્ મુસ્લિમીન". (અર્થ: હે પાલનહાર! તું મને તૌફીક આપ કે હું તારી તે નેઅમતોનો આભાર માનું, જે તેં મારા પર અને મારા માતાપિતા પર કરી છે. અને હું એવા સત્કાર્યો કરતો રહું જેના કારણે તું રાજી થઇ જાય, અને તું મારી સંતાનને પણ પ્રામાણીક બનાવ, હું તારી તરફ જ માફી માંગુ છું અને હું મુસલમાનો માંથી છું).

40 "રબ્બના અલય્ક તવક્કલ્ના વ ઇલય્ક અનબ્ના વ ઇલય્કલ્ મસીર". (અર્થ: હે અમારા પાલનહાર! અમે તારા પર જ ભરોસો કર્યો અને અમે તારી તરફ જ રજૂઆત કરીએ છીએ અને તારી જ તરફ પાછા ફરવાનું છે).

41 "રબ્બનગ્ફિર્ લના વ લિઇખ્વાનિનલ્ લઝીન સબકૂના બિલ્ ઈમાનિ, વલા તજ્અલ્ ફી કુલૂબિના ગિલ્લલ્ લિલ્લઝીન આમનૂ રબ્બના ઇન્નક રઊફુર્ રહીમ". (અર્થ: હે અમારા પાલનહાર! અમને માફ કરી દે અને અમારા તે ભાઈઓને પણ જે અમારા થી પેહલા ઈમાન લાવી ચૂક્યા છે અને તે ઈમાનવાળાઓ પ્રત્યે અમારા દિલોમાં નફરત ન આપ, હે મારા પાલનહાર ! નિ:શંક તું ખૂબ જ દયાળુ અને કૃપાળુ છે).



ضيوف الرحمن
hajjumrh.com

## 42

"રબ્બના લા તજઅલ્ના ફિતનતલ્ લિલ્લઝીન કફરુ વગ્ફિર્ લના રબ્બના ઇન્નક અન્તલ્ અઝીઝુલ્ હકીમ".
(અર્થ: હે અમારા પાલનહાર! તું અમને કાફિરોની કસોટીમાં ન નાખ અને અમારા ગુનાહોને માફ કરી દે, હે મારા પાલનહાર! નિ:શંક તુ જ સંપૂર્ણ વિજયી, હિકમત વાળો છે).

## 43

"રબ્બના અત્મિમ્ લના નૂરના વગ્ફિર્ લના ઇન્નક અલા કુલ્લિ શય્ઇન્ કદીર". (અર્થ: હે અમારા પાલનહાર ! અમને સંપૂર્ણ નૂર અતા કર અને અમને માફ કરી દે , ખરેખર તું દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે).

********



ضيوف الرحمن
hajjumrh.com

# બીજો વિભાગ: હદીષમાં વર્ણવેલ દુઆઓ:

1 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ ફિત્નતિન્ નારિ, વ અઝાબિન્ નારિ, વ ફિત્નતિલ્ કબ્રિ, વ અઝાબિલ્ કબ્રિ, વ શર્રિ ફિત્નતિલ્ ગિના, વ શર્રિ ફિત્નતિલ્ ફક્રિ". (અર્થ: હે અલ્લાહ! હું જહન્નમના ફિતનાથી, આગના અઝાબથી, કબરના ફિતનાથી અને કબરના અઝાબથી, તેમજ માલદારી આપી કસોટીની બુરાઈથી તેમજ ફકીરી આપી તેની કસોટીની બુરાઈથી તારી પનાહ માંગુ છું).



2 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ ફિત્નતિલ્ મસીહિદ્ દજ્જાલિ". (અર્થ: હે અલ્લાહ! હું તારી પાસે મસીહ દજ્જાલના ફિતનાથી પનાહ માંગુ છું).

3 "અલ્લાહુમ્મગ્સિલ્ કલ્બી બિમાઇષ્ ષલ્જિ વલ્ બરદિ, વ નક્કિ કલ્બી મિનલ્ ખતાયા કમા નકય્યતષ્ ષવ્બલ્ અબ્યઝ મિનદ્ દનસિ, વ બાઇદ્ બય્ની વ બય્ન ખતાયાય કમા બાઅદ્ત બય્નલ્ મશરિકિ વલ્ મગરિબિ". (અર્થ: હે અલ્લાહ! તું મારા દિલને પાણી, બરફ અને કરા વડે ધોઈ નાખ, તેમજ મારા દિલને ગુનાહોથી એવી રીતે પવિત્ર કરી દે, જે રીતે સફેદ કપડાંને મેલથી પવિત્ર કરવામાં આવે છે, એવી જ રીતે તું મારા અને મારા ગુનાહોની વચ્ચે એટલું અંતર કરી દે, જેટલું અંતર પૂર્વ અને પશ્ચિમ દરમિયાન છે).

4 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિનલ્ કસલિ વલ્ હરમિ વલ્ મઅષમિ વલ્ મગ્રમિ". (અર્થ: હે અલ્લાહ! હું આળસથી, ખૂબ વૃદ્ધા વસ્થામા પહોંચવાથી, ગુનાહ કરવાથી અને દેવામાં સપડાઈ જવાથી તારી પનાહ માંગુ છું).



5 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિનલ્ અજ્ઝિ, વલ્ કસલિ, વલ્ જુબ્નિ વલ્ હરમિ વલ્ બુખ્લિ, વ અઊઝુ બિક મિન્ અઝાબિલ્ કબ્રિ, વ મિન્ શર્રિ ફિત્નતિલ્ મહ્યા વલ્ મમાત્". (અર્થ: હે અલ્લાહ! હું લાચારી અને આળસથી, કાયરતા અને ખૂબ વૃદ્ધા વસ્થામા પહોંચવાથી, તેમજ કંજુસાઈથી તારી પનાહ માંગુ છું, અને હું કબરના અઝાબથી, તેમજ જીવન અમે મૃત્યુની બુરાઈથી તારી પનાહ માંગુ છું).

6 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ જહ્દિલ્ બલાઇ, વ દરકિશ્ શકાઇ, વ સૂઈલ્ કઝાઇ, વ શમાતતિલ્ અઅદાઅ". (અર્થ: હે અલ્લાહ! હું સખત મુસીબતથી, આફતોના ઘેરી લેવાથી, ખરાબ તકદીરથી અને દુશ્મનોના મારા પર હસવાથી તારી પનાહ માંગુ છું).

7 "અલ્લાહુમ્મ અસ્લિહ લી દીનિયલ્લઝી હુવ ઇસ્મતુ અમ્રી, વ અસ્લિહ લી દુનિયાયલ્લતિ ફીહા મઆશી, વઅસ્લિહ લી આખિરતી અલ્લતી ઇલય્હા મઆદી, વજ્અલિલ્ હયાત ઝિયાદતલ્લી ફી કુલ્લિ ખય્રિ, વજ્અલિલ્ મવ્ત રાહતલ્લી મિન્ કુલ્લિ શર્રિ" (અર્થ: હે અલ્લાહ! તું મારા દીનને સુધારી દે, જે મારા જીવનનું મૂળ છે, તું મારી દુનિયા પણ સુધારી દે, જેમાં મારી રોજી છે, તું મારી આખિરતને સુધારી દે, જ્યાં મારે પાછા ફરવાનું છે, તું મારા જીવનને દરેક ભલાઈ અને નેકીમાં વધારાનું કારણ બનાવી દે, અને મૃત્યુને દરેક બુરાઈથી બચાવી રાહત માટેનો સ્ત્રોત બનાવી દે).

8 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુકલ્ હુદા, વત્તુકા, વલ્ અફાફ, વલ્ ગિના". (અર્થ: હે અલ્લાહ! હું તારી પાસે હિદાયત, તકવો, (પરહેજગારી), પવિત્રતા અને લોકોથી બેનિયાઝ રહેવાનો સવાલ કરું છું).

9 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિનલ્ અજ્ઝિ વલ્ કસલિ, વલ્ જુબ્નિ વલ્ બુખ્લિ, વલ્ હરમિ વ અઝાબિલ્ કબ્રિ". (અર્થ: હે અલ્લાહ! હું લાચારી, આળસ, કાયરતા, કંજુસાઈ, અત્યંત વૃદ્ધા વસ્થાથી અને કબરના અઝાબથી તારી પનાહ માગું છું).

10 "અલ્લાહુમ્મ આતિ નફ્સી તકવાહા, વ ઝક્કિહા અન્ત ખય્ રુ મન્ ઝક્કાહા, અન્ત વલિય્યુહા વ મવ્લાહા". (અર્થ: હે અલ્લાહ! તું મારા નફસમાં તારો તકવો પેદા કરી દે, તેને ગુનાહોથી પાકસાફ કરી દે, તું જ શ્રેષ્ઠ રીતે તેને પાક સાફ કરવાવાળો છે, તું જ તેનો માલિક અને દેખરેખ રાખનાર છે).

11 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ ઇલ્મિન્ લા યન્ફઅ, વ મિન્ કલ્બિન્ લા યખ્શઅ, વ મિન્ નફસિન્ લા તશબઅ, વ મિન્ દઅવતિન્ લા યુસ્તજાબુ લહા". (અર્થ: હે અલ્લાહ! હું એવા ઇલ્મથી તારી પનાહ માંગુ છું, જેનાથી મને ફાયદો ન પહોંચે, એવા દિલથી, જેમાં તારો ડર ન હોય, એવા નફસથી જે સંતુષ્ટ ન હોય અને એવી દુઆથી જે કબૂલ ન થાય).

12 "અલ્લાહુમ્મહ્ દિની વસદ્દિની". (અર્થ: હે અલ્લાહ! મને હિદાયત અને સાચું માર્ગદર્શન આપ).

13 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુબિક મિન્ ઝવાલિ નિઅમતિક્, વ તહવ્વુલિ આફિયતિક્, વ ફુજાઅતિ નિક્મતિક્, વ જમીઅ સખતિક્."
(અર્થ: હે અલ્લાહ! હું તારી આપેલ નેઅમતો જે ખત્મ થઈ જાય, એવી તંદુરસ્તી જે બીમારિમાં ફેરવાઈ જાય, અચાનક આવનાર મુસીબત અને તારી દરેક પ્રકારની નારાજગીથી પનાહ માંગું છું).



14 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ શર્રિ મા અમિલ્તુ વ મિન્ શર્રિ મા લમ્ અઅમલ્". (અર્થ: હે અલ્લાહ! હું તે બુરાઈથી જે મેં કરી અને તે બુરાઇથી જે મેં નથી કરી, તે બન્નેથી હું તારી પનાહ માંગું છું).

15 "લા ઇલાહ ઇલ્લલ્લાહુલ્ અઝીમુલ્ હલીમ, લા ઇલાહ ઇલ્લલ્લાહુ રબ્બુલ્ અર્શિલ્ અઝીમ, લા ઇલાહ ઇલ્લલ્લાહુ રબ્બુસ્ સમાવાતિ, વ રબ્બુલ્ અર્ઝિ વ રબ્બુલ્ અર્શિલ્ કરીમ" (અર્થ: અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી તે મહાન અને ધૈર્યવાન છે, અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી તે જ મહાન અર્શનો પાલનહાર છે, અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી, તે જ આકાશો અને ધરતીનો પાલનહાર છે અને મહાન અર્શનો રબ છે).

16 "અલ્લાહુમ્મ રહ્મત-ક અરજુ ફલા તકિલની ઇલા નફસી તરફત અયનિન્, વઅસ્લિહ લી શઅની કુલ્લહુ, લા ઇલાહ ઇલ્લા અન્ત"
(અર્થ: હે અલ્લાહ ! હું તારી રહેમતની આશા રાખું છું, બસ તું મને આંખની પલક જપક બરાબર પણ મારા નફ્સને ન સોંપીશ, મારા દરેક કાર્યોને મારા માટે ઠીક કરી દે, તારા સિવાય કોઈ સાચો ઇલાહ નથી).

17 "અલ્લાહુમ્મ ઇન્ની અબ્દુક્, ઇબ્નુ અબ્દિક્, ઇબ્નુ અમતિક્, નાસિયતિ બિયદિક્, માઝિન્ ફિય્ય હુકમુક્, અદ્લુન્ ફિય્ય કઝાઉક્, અસ્અલુક બિકુલ્લિ ઇસ્મિન્ હુવ લક સમ્મય્ત બિહિ નફસક્, અવ્ અલ્લમ્તહુ અહદન્ મિન્ ખલ્કિક્, અવ્ અન્ઝલ્તહુ ફી કિતાબિક્, અવિસ્તઅષર્ત બિહિ ફી ઇલ્મિલ્ ગય્બિ ઇન્દક્, અન્ તજ્અલલ્ કુરઆન રબીઅ કલ્બી, વ નૂર સદ્-રી , વ જિલાઅ હુઝ્ની, વ ઝહાબ હમ્મી."(અર્થ : હે અલ્લાહ ! હું તારો બંદો છું, તારા બંદા અને તારી બંદીનો દીકરો છું, મારું કપાળ તારા જ હાથમાં છે, મારા પર તારો જ આદેશ ચાલે છે, મારા વિશે તારો નિર્ણય ન્યાય પૂર્વક છે, હું તારી પાસે તારા તે જ નામ દ્વારા દુઆ કરું છું, જે તે પોતે તારા માટે નક્કી કર્યા છે, અથવા પોતાનાં સર્જનીઓ માંથી જેને તે નામ શીખવાડ્યા છે, અથવા પોતાની કિતાબમાં ઉતાર્યા છે, અથવા પોતાની પાસે ગૈબના ઈલ્મમાં સુરક્ષિત રાખ્યા છે, કે તું કુરઆન મજીદને મારા દિલની ખુશી અને દિલનું નૂર બનાવી દે, મારા માટે કુરઆન મજીદને દુ:ખ માટે વિશાળતાનું કારણ તેમજ પરેશાનીઓ માટે દૂરીનું કારણ બનાવી દે.)



18 "અલ્લાહુમ્મ મુસર્રિફલ્ કુલૂબ્ સર્રિફ કુલૂબના અલા તાઅતિક્" (અર્થ: હે અલ્લાહ! દિલોને ફેરનાર! અમારા દિલોને તારા અનુસરણ તરફ ફેરવી દે).

19 "યા મુકલ્લિબલ્ કુલૂબિ, ષબ્બિત્ કલ્બી અલા દીનિક્" (અર્થ: હે અલ્લાહ ! દિલોને ઉલટ ફેર કરનાર! મારા દિલને તારા દિન પર અડગ રાખ).

20 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુકલ્ આફિયત ફીદ્ દુનિયા વલ્ આખિરતિ" (અર્થ: હે અલ્લાહ! હું દુનિયા અને આખિરતમા તારી પાસે આફિયતનો સવાલ કરું છું).

21 "અલ્લાહુમ્મ અહસિન્ આકિબતના ફિલ્ ઉમૂરિ કુલ્લિહા, વ અજિર્ના મિન્ ખિઝ્યિદ્ દુનિયા, વ અઝાબિલ્ આખિરતિ" (અર્થ: હે અલ્લાહ! દરેક કાર્યોમાં તું મારું પરિણામ સારું કરી દે, અને અમને દુનિયાનાં અપમાન અને આખિરતના અઝાબથી સુરક્ષિત રાખ).

22 "રબ્બિ અઇન્ની વલા તુઇન્ અલય્ય, વન્સુર્ની વલા તન્સુર્ અલય્ય, વમ્ કુર્ લી, વલા તમ્કુર્ અલય્ય, વહ્દિની, વયસ્સિરિલ્ હુદા ઇલય્ય, વન્સુર્નિ અલા મન્ બગા અલય્ય" (અર્થ: હે મારા પાલનહાર ! મારી મદદ કર, મારા વિરુદ્ધ કોઇની મદદ ન કર, મને ટેકો આપ મારા વિરુદ્ધ કોઈને ટેકો ન આપ, મારા પક્ષમાં કાર્ય કર, મારા વિરુદ્ધ કાર્ય ન કર, મને માર્ગદર્શન આપ, અને જે માર્ગદર્શન આપે તેને મારા માટે સરળ બનાવ, અને તે વ્યક્તિ વિરુદ્ધ મારી મદદ કર જે મારા પર અત્યાચાર કરે).

23 રબ્બિજ્ અલ્ની લક શક્કારન્, લક ઝક્કારન્, લક રહ્હાબન્, લક મિત્વાઅન્, ઇલય્ક મુખ્બિતન્, અવ્વાહન્ મુનીબન્" (અર્થ: હે અલ્લાહ! મને તારો ખૂબ આભાર વ્યક્ત કરવાવાળો, ખૂબ જ યાદ કરવાવાળો અને તારાથી ખૂબ ડરવાવાળો બનાવ, તેમજ મને ખૂબ જ તારી આજ્ઞાનું પાલન કરનાર બંદો, તારી તરફ જ આવનાર બનાવ, મને તારા દરબારમા ખૂબ આજીજીપૂર્વક આવવા અને તારા તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની તૌફીક આપ).

24 "રબ્બિ તકબ્બલ્ તવ્બતી, વગ્સિલ્ હવ્બતી, વ અજિબ્ દઅવતી, વ ષબ્બિત હુજ્જતી, વહ્દિ કલ્બી, વસદ્દિદ્ લિસાની, વસ્લુલ્ સખીમત કલ્બી" (અર્થ: હે અલ્લાહ! મારી તૌબા કબૂલ કર, મારા ગુનાહોને ધોઈ નાખ, મારી દુઆ કબૂલ કર, મારા કારણ માન્ય રાખ, મારા દિલને હિદાયત આપ, મારી જબાનને સાચી કરી દે, તેમજ મારા દિલ માંથી ખોટી વસ્તુઓને દૂર કરી દે).

25

"અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ શર્રિ સમ્ઇ, વ મિન્ શર્રિ બસરી, વ મિન્ શર્રિ લિસાની, વ મિન્ શર્રિ કલ્બી, વ મિન્ શર્રિ મનિય્યી" (અર્થ : હે અલ્લાહ! હું તારી પનાહ માગું છું, પોતાના કાનની બુરાઈથી, પોતાની આંખોની બુરાઈથી, પોતાની જબાનની બુરાઈથી, પોતાના દિલની બુરાઈથી, અને પોતાના ગુપ્તાંગની બુરાઈથી). [2]

26 અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિનલ્ બરસિ, વલ્ જુનૂનિ, વલ્ જુઝામિ, વ મિન્ સય્યિઇલ્ અસ્કામિ" (અર્થ: હે અલ્લાહ! હું કોઢી, પાગલપણું, જુઝામ અને દરેક પ્રકારની મોટી મોટી બીમારીઓથી તારી પનાહ માગું છું).[3]

27 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ મુન્કરાતિલ્ અખ્લાકિ વલ્ અઅમાલિ વલ્ અહવાઇ" (અર્થ: હે અલ્લ્લાહ! હું ખરાબ અખ્લાક, ખરાબ કાર્યો અને ખરાબ ઈચ્છાઓથી તારી પનાહ માગું છું).

28 "અલ્લાહુમ્મ ઇન્નક અફુવ્વુન્ કરીમુન્, તુહિબ્બુલ્ અફ્વ, ફઅફુ અન્ની." (અર્થ: હે અલ્લાહ! ખરેખર તું માફ કરવાવાળો, પ્રતિષ્ઠિત છે અને માફીને પસંદ કરે છે, બસ! તું મને માફ કરી દે).

29 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક ફિઅલલ્ ખય્-રાત, વ તર્કલ્ મુન્કરાત, વ હુબ્બલ્ મસાકીન્, વ અન્ તગ્ફિર લી, વ તર્હમની, વઇઝા અરદ્ત ફિત્નતન્ ફી કવ્મિન્ ફતવફ્ફની ગયર મફ્તુનિન, વઅસ્અલુક હુબ્બક, વ હુબ્બ મય્યુહિબ્બુક્, વ હુબ્બ અમલિન્ યુકર્રિબુની ઇલા હુબ્બક્"
(અર્થ: હે અલ્લાહ! હું તારી પાસે નેકીઓ કરવા, બુરાઈઓ છોડવા અને લાચારો સાથે મોહબ્બત કરવાની તોફીક માગું છું, અને હું તારી પાસે (સવાલ કરું છું) કે તું મને માફ કરી દે, અને મારા પર તું પોતાની રહેમત ઉતાર, જ્યારે તું કોઈ કોમને કોઈ ફિતના દ્વારા કસોટી કરવા ઈચ્છે, તો તું મને ફિતનાથી કસોટી કર્યા વગર જ મૃત્યુ આપી દે, હું તારી પાસે તારી મુહબ્બત, તેમજ તે દરેક વ્યક્તિની મોહબ્બત, જે તારાથી મોહબ્બત કરે અને તે દરેક અમલ કરવાની તોફીક માગું છું, જે તારી મોહબ્બતની નજીક કરી દે).

2 મઝહરી સાહેબે કહ્યું : "હું મારા ગુપ્તાંગની બુરાઈથીનો અર્થ થાય છે કે હું વ્યભિચારમાં ન સપડાઈ જાઉં, તેમજ અવૈધ નજરમાં". કુવ્વતુલ્ મુગ્તઝી અલા જામિઉત્ તિર્મિઝી. (૨/૮૬૦).

3 એક પ્રખ્યાત બીમારી, જે માંસ ખાઈ ને વેરવિખેર કરી દે છે. અલ્લાહ આપણા સૌની હિફાજત કરે. શર્હુ સુનન્ અબી દાવુદ્ લિબ્નિ રસ્લાન (૭/૪૧૧).

30 અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક મિનલ્ ખય્રિ કુલ્લિહિ: આજિલિહિ વ આજિલિહિ, મા અલિમ્તુ મિન્હુ વમા લમ્ અઅલમ્, વ અઊઝુ બિક મિનશ્ શર્રિ કુલ્લિહિ, આજિલિહિ વ આજિલિહિ, મા અલિમ્તુ મિન્હુ વમા લમ્ અઅલમ્" (અર્થ: હે અલ્લાહ! હું તારી પાસે દુનિયા અને આખિરતની સંપૂર્ણ ભલાઇનો સવાલ કરું છું, જે હું જાણું છું અને જે હું નથી જાણતો, અને હું દુનિયા અને આખિરતની દરેક બુરાઇથી તારી પનાહ માંગુ છું, જે હું જાણું છું અને જે હું નથી જાણતો).

31 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક મિન્ ખય્રિન્ મા સઅલક અબ્દુક વ નબિય્યુક, વ અઊઝુ બિક મિન્ શર્રિ મા આઝ બિહી અબ્દુક વ નબીય્યુક" (અર્થ: હે અલ્લાહ! હું તે દરેક ભલાઈનો સવાલ કરું છું, જે તારા બંદા અને તારા નબીએ સવાલ કર્યો છે અને હું તારી પનાહ માંગુ છું, તે દરેક બુરાઈથી, જેનાથી તારા બંદા અને નબી (સલ્લલ્લાહુ અલૈહિ વસ્સલમ)એ પનાહ માંગી છે).

32 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુકલ્ જન્નહ, વમા કર્રબ ઇલય્-હા મિન્ કવ્લિન્ અવ્ અમલિન્, વ અઊઝુ બિક મિન્નારિ, વમા કર્રબ મિન્હા મિન્ કવ્લિન્ અવ્ અમલિન્, વઅસ્અલુક અન્ તજ્અલ કુલ્લ કઝાઇન્ કઝય્તહુ લી ખય્-રન્." (અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે જન્નતનો સવાલ કરું છું અને તે દરેક વાત અને અમલ(કાર્યો)ની માંગણી કરું છું, જે મને જન્નતથી નજીક કરી દે, અને હું તારી પનાહ માંગુ છું, જહન્નમથી અને તે દરેક વાત તેમજ અમલ(કાર્યો)થી જે જહન્નમના નજીક કરી દે અને હું તારી પાસે સવાલ કરું છું કે તે દરેક આદેશ, જે તે મારા માટે નક્કી કર્યા હોય, તેને શ્રેષ્ઠ અને બહેતર બનાવી દે.)

33 "અલ્લાહુમ્મહ્-ફઝ્ની બિલ્ ઇસ્લામિ કાઇમન્, વહ્ફઝની બિલ્ ઇસ્લામિ કાઇદન્, વહ્ફઝની બિલ્ ઇસ્લામિ રાકિદન્, વલા તુશ્મિત બી અદુવ્વન્ વલા હાસિદન્" (અર્થ: હે અલ્લાહ! ઉભા રહેવાની સ્થિતિમાં ઇસ્લામ બાબતે મારી સુરક્ષા કર, બેસવાની સ્થિતિમાં ઇસ્લામ બાબતે તું મારી સુરક્ષા કર, સૂવાની સ્થિતિમાં ઇસ્લામ બાબતે તું મારી સુરક્ષા કર અને મારી તકલીફથી મારા પ્રત્યે દ્વેષ રાખનાર અને દુશ્મનને ખુશ ન કરીશ).

34 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક મિન્ કુલ્લિ ખય્રિ ખઝાઇનુહુ બિયદિક્, વઅઊઝુ બિક મિન્ કુલ્લિ શર્રિ ખઝાઇનુહુ બિયદિક્" (અર્થ: હે અલ્લાહ! હું તે દરેક ભલાઈનો સવાલ કરું છું, જેનો ખજાનો તારા હાથમાં છે અને તારી પનાહમા આવું છું તે દરેક બુરાઈથી, જેના ખજાના તારી પાસે છે).

35 "અલ્લાહુમ્મ અક્સિમ્ લના મિન્ ખશ્યતિક મા યહૂલુ બય્નના વ બય્ન મઆસીક, વ મિન્ તાઅતિક મા તુબલ્લિગુના બિહિ જન્નતક, વ મિનલ્ યકીનિ મા તુહવ્વિનુ અલય્ના મસાઇબદ્ દુનિયા" (અર્થ: હે અલ્લાહ! અમારી વચ્ચે તું પોતાનો એટલો ડર વહેંચી દે, જે અમારી અને અમારા ગુનાહ વચ્ચે અવરોધ બની જાય અને અમારી વચ્ચે પોતાના અનુસરણ તેમજ આજ્ઞાનો એટલો જઝબો ફેલાવી દે, જે અમને તારી જન્નત સુધી પહોંચાડી દે અને અમને એટલું યકીન આપ, જેના આધારે દુનિયાની તકલીફો તુચ્છ અને સરળ બની જાય).

36 "અલ્લાહુમ્મ મત્તિઅના બિઅસ્માઇના, વ અબ્સારિના, વ કુવ્વતિના મા અહય્યતના, વજ્અલ્હુલ્ વારિષ મિન્ના, વજ્અલ્ ષઅરના અલા મન્ ઝલમના, વન્સુર્ના અલા મન્ આદાના, વલા તજ્અલ્ મુસીબતના ફી દીનિના, વલા તજ્અલિદ્ દુનિયા અકબર હમ્મિના, વલા મબ્લગ ઇલ્મિના, વલા તુસલ્લિત્ અલય્ના મલ્લા યર્હમુના. (અર્થ: હે અલ્લાહ! તું જ્યાં સુધી અમને જીવિત રાખે, અમારી આંખો, અમારા કાન અને અમારી શક્તિ વડે ફાયદો ઉઠાવવાની તૌફીક આપ અને તે સૌને અમારા મૃત્યુ સુધી બાકી રાખ અને જે અમારા પર ઝુલ્મ તેમજ અત્યાચાર કરે તો તું તેમનાથી કિસાસ (બદલો) લે અને જે અમારી સાથે દુશ્મની કરે તેના વિરુદ્ધ અમારી મદદ કર, અને દુનિયાને અમારા માટે ખરાબ મકસદ ન બનાવીશ, અને ન તો અમારા ઇલ્મનો મકસદ ફક્ત દુનિયા બનાવ કે (અમારું બધું જ શીખવું, શિખાડવું દુનિયા માટે હોય) અને અમારા પર કોઈ એવા વ્યક્તિને જવાબદાર ન બનાવ, જે અમારા પર રહમ ન કરે).[4]

37 અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિનલ્ જુબ્નિ, વ અઊઝુ બિક મિનલ્ બુખ્લિ, વ અઊઝુ બિક અન્ ઉરદ્ ઇલા અર્ઝલિલ્ ઉમુરિ, વ અઊઝુ બિક મિન્ ફિત્નતિદ્ દુનિયા વ અઝાબિલ્ કબ્રિ" (અર્થ: હે અલ્લાહ! હું કાયરતાથી તારી પનાહ માગું છું, કંજુસાઈથી તારી પનાહ માગું છું, અને હું વૃદ્ધાવસ્થાના સૌથી ખરાબ સમયથી તારી પનાહ માગું છું, અને હું તારી પાસે દુનિયાના ફિતનાથી પનાહ માગું છું અને કબરના અઝાબથી તારી પનાહ માગું છું).

38 "અલ્લાહુમ્મગ્ફિર્ લી ખતિઅતી, વ જહ્-લી , વ ઇસ્-રાફી અમ્-રી , વમા અન્ત અઅ્લમુ બિહિ મિન્ની, અલ્લાહુમ્મ ઇગ્-ફિર્ લી જિદ્-દી, વ હઝ્-લી, વ ખતઇ, વ અમ્-દી, વ કુલ્લુ ઝાલિક ઇન્દી" (અર્થ : હે અલ્લાહ ! તું મારા ગુનાહોને માફ કરી દે, મારી અજ્ઞાનતા અને મારા તરફથી થતી લાપરવાહી પર મને માફ કરી દે, અને તે પણ માફ કરી દે, જે તું મારા કરતા વધારે જાણે છે, હે અલ્લાહ ! તું મારા ગુનાહ માફ કરી દે, જે મેં જાણતા હોવા છતાંય કર્યા હોય અથવા અજાણતામાં કર્યા હોય, અથવા મજાકમાં કર્યા હોય અને તે દરેક ગુનાહ, જે મારા નામએ અઅમાલમાં લખેલા હોય.)

4 અર્થાત્: મૃત્યુના સમય સુધી કમજોરીની સ્થિતિમાં અમારી સાંભળવાની અને જોવાની શક્તિ તેમજ અન્ય અંગોની શક્તિ બાકી રાખ. અલ્ મફાતીહ ફી શર્હિલ્ મસાબીહ (૩/૨૪૮).

39 "અલ્લાહુમ્મગ્ફિર્ લી, વર્ હમ્ની, વહ્-દીની, વ આફિની, વર્ ઝુક્-ની".
(અર્થ: હે અલ્લાહ! તું મને માફ કરી દે, મારા પર રહમ(દયા) કર, મને હિદાયત(માર્ગદર્શન) આપ, મને આફિયત (તંદુરસ્તી)આપ, અને મને રોજી આપ).

40 "અલ્લાહુમ્મ ઇન્ની ઝલમ્-તુ નફ્સી ઝુલ્મન્ કષીરન્, વલા યગ્ફિરુઝ્ ઝુનૂબ ઇલ્લા અન્ત, ફગ્ફિર્ લી મગ્ફિરતન્ મિન્ ઇન્દિક્, વર્હમની, ઇન્નક અન્તલ્ ગફુરુર્ રહીમ." (અર્થ : હે અલ્લાહ ! મેં મારા પર ઘણો અત્યાચાર કર્યો છે, અને તારા સિવાય કોઈ ગુનાહ માફ કરી શકતું નથી, તું મારા ગુનાહ માફ કરી દે અને મારા પર રહેમ કર, ખરેખર તું ઘણો જ માફ કરનાર અને રહેમ કરવાવાળો છે.)



41 "અલ્લાહુમ્મ લક અસ્લમ્તુ, વ બિક આમન્તુ, વ અલય્ક તવક્કલ્તુ, વ ઇલય્ક અનબ્તુ, વ બિક ખાસમ્તુ."
(અર્થ : હે અલ્લાહ ! મેં તારી સામે જ માથું ઝુકાવ્યું, તારા પર જ ઇમાન લાવ્યો, મેં તારા પર જ ભરોસો કર્યો અને તારી તરફ જ મામલા રજૂ કરું છું, મેં તારી જ મદદથી (કુફ્ર સામે) સામનો કર્યો.)

42 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિ ઇઝ્ઝતિક; લા ઇલાહ ઇલ્લા અન્ત અન્ તુઝલ્લની, અન્તલ્ હય્યુલ્-લઝી લા તમૂતુ, વલ્ જિન્નુ વલ્ ઇન્સુ યમૂતૂન."
(અર્થ : હે અલ્લાહ ! હું તારી ઇઝ્ઝતની પનાહમાં આવું છું, તારા સિવાય કોઈ સાચો ઇલાહ નથી એ કે તું મને કુમાર્ગે એકલો છોડી દે, તું જીવિત છે, તને મૌત પણ નહીં આવે જ્યારે કે દરેક માનવી અને જિન્નાતને મૌત જરૂર આવશે.)

43 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક મૂજિબાતિ રહ્-મતિક (૫), અઝાઇમ મગ્-ફિરતિક (૬), વસ્સલામત મિન્ કુલ્લિ ઇષ્મિન્, વલ્ ગનીમત મિન્ કુલ્લિ બિર્રિ, વલ્ ફવ્ઝ બિલ્ જન્નતિ, વન્નજાત મિનન્નારિ."
(અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે તારી તે વસ્તુઓનો સવાલ કરું છું, જે તારી રહમતનું કારણ બનતી હોય, અને તારી માફીને અનિવાર્ય બનાવતી હોય, અને હું તારી પાસે દરેક ગુનાહથી બચવા અને નેકી કરવાનો સવાલ કરું છું અને તે દરેક વસ્તુનો સવાલ કરું છું, જેના કારણે જન્નત મળવાનું કારણ અને જહન્નમથી છુટકારા નું કારણ બનતી હોય.)[5 6]

5 (અલ્ અઝાઇમ) : અઝીમતુન્ નું બહુવચન છે, એવા ગુણ, જેનો માનવી મજબૂત ઈરાદો કરતો હોય; અર્થાત : તેની નિયત, દિલનો તે ઈરાદો અથવા મહેનત જેના કારણે તારી માફી મળતી હોય.
અલ્ મફાતિહુ ફી શર્હિલ્ મસાબીહ (૨/૩૦૪).

6 અર્થાત : તે દરેક કાર્યો અને વાતો તેમજ ગુણો, જે તારી રહમતની પ્રાપ્તિ માટેનું કારણ હોય. અલ્ મફાતિહુ ફી શર્હિલ્ મસાબીહ (૨/૩૦૪).

ضيوف الرحمن
hajjumrh.com

44

"અલ્લાહુમ્મગ્ફિર્ લી ઝમ્-બી, વ વસ્સિઅ લી ફી દારી, વ બારિક્ લી ફી રિઝ્કી. " (અર્થ : હે અલ્લાહ ! તું મારા ગુનાહોને માફ કરી દે, મારા માટે મારા ઘરને વિશાળ કર અને મારી રોજી માં બરકત આપ.)

45

"અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક મિન્ ફઝ્-લિક વ રહ્-મતિક, ફઇન્નહુ લા યમ્લિકુહા ઇલ્લા અન્ત."
(અર્થ : હે અલ્લાહ ! હું તારી કૃપા અને રહેમતનો સવાલ કરું છું, ખરેખર તારા સિવાય બીજું કોઈ કુદરત ધરાવતું નથી.)



46 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ તરદ્દ-દી, વલ્ હદ્દ-મિ, વલ્ ગર્-કિ, વલ્ હર્-કિ, વઅઊઝુ બિક અંય્ યતખબ્બતનિશ્ શય્-તાનુ ઇન્દલ્ મૌતિ, વ અઊઝુ બિક અન્ અમૂત ફી સબીલિક મુદ્-બિર્-રન વ અઊઝુ બિક અન્ અમુત લદીગન્" (અર્થ: હે અલ્લાહ! કોઈ મકાન અથવા દીવાલ મારા પર પડવાથી (મારું મૃત્યુ થાય તેનાથી) હું તારી પનાહ માગું છું, હું ઉંચી જગ્યાએથી પડી (મારું મૃત્યુ થવાથી) તારી પનાહ માંગુ છું, ડૂબી જવાથી, બળીને મરી જવાથી અને ખૂબ જ વૃદ્ધ થઈ જવાથી હું તારી પનાહ માંગુ છું, હું એ વાતથી પણ તારી પનાહ માગું છું કે મૃત્યુના સમયે શૈતાન મારા પર પ્રભુત્વ મેળવે અને એ વાતથી પણ કે હું તારા માર્ગમાં પીઠ બતાવી ભાગતા મૃત્ય પામું અને એ વાતથી પનાહ માગું છું કે કોઈ ઝેરી જાનવરના ડંખ મારવાથી મારુ મૃત્યુ થાય).

47 અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિનલ્ જૂઇ, ફઇન્નહુ બિઅ્સઝ્‌જીઉ, વ અઊઝુ બિક મિનલ્ ખિયાનતિ, ફઇન્નહા બિઅ્સતિલ્ બિતાનતુ."
(અર્થ : હે અલ્લાહ ! હું ભૂખથી તારી પનાહ માંગુ છું, તે અત્યંત ખરાબ સાથી છે, હું ખયાનતથી તારી પનાહ માગું છું તે ખૂબ જ છૂપાયેલી આદત છે.)



48

"અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિનલ્ અજ્-ઝિ,વલ્ કસલિ, વલ્ જુબ્-નિ, વલ્ બુખ્-લિ, વલ્ હર્-મિ, વલ્ કસ્-વતિ, વલ્ ગફ્-લતિ, વલ્ અય્-લતિ (૭), વઝ્-ઝિલ્લતિ, વલ્ મસ્-કનતિ, વ અઊઝુ બિક મિનલ્ ફક્-રિ વલ્ કુફ્-રિ,વલ્ ફુસૂકિ, વશ્-શિકૉક, વન્-નિફાક્, વસ્-સુમ્અતિ, વર્ રિયાઇ, વ અઊઝુ બિક મિનસ્ સમમિ, વલ્ બકમિ, વલ્ જુનૂનિ, વલ્ જુઝામિ, વલ્ બરસિ, વસય્યિઇલ્ અસ્કામિ." (અર્થ : હે અલ્લાહ ! હું આજીજીથી, આળસથી, કાયરતાથી, કંજુસાઈથી, કોઈ દીવાલ અથવા મકાન મારા પર પડવાથી, મારુ દિલ કઠોર થઈ જવાથી, ગફલતમાં પડી જવાથી, કંગાળ થઈ જવાથી, મારુ અપમાન થવાથી, ખરાબ પરિસ્થિતિથી તારી પનાહ માંગુ છું, અને હું ફકીરીથી, કૂફરથી, વિદ્રોહ કરવાથી, સત્યને ઠુકરાવવાથી, નિફાક(દમ)થી, મારા નેક કાર્યોની લોકોમાં ચર્ચા થાય તેનાથી, કોઈ પણ નેક કાર્ય અલ્લાહને છોડીને અન્ય માટે કરું તેનાથી હું તારી પનાહ માંગુ છું, હું બહેરાશથી, મૂંગું થવાથી, પાગલપણાથી, જુઝામ નામની બીમારીથી, કોડ થી અને દરેક બીમારીઓથી હું તારી પનાહ માંગુ છું.) [7]



7 "અલ્ અય્-લતિ : અલ્ ફક્-રિ, ફકીર થવાથી. (અલ્ મુઅલ્લિમુ બિફવાઇદિ મુસ્લિમ (૧/૨૭૯).

49 અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિનલ્ ફક્-રિ, વલ્ કિલ્-લતિ, વઝ્ ઝિલ્લતિ, વ અઊઝુ બિક મિન્ અન્ અઝ્-લિમ્ અવ્ ઉઝ્-લમ્."
(અર્થ : હે અલ્લાહ ! હું ફકીરીથી, માલની અછતથી અને મારું અપમાન થવાથી તારી પનાહ માંગુ છું અને એ વાતથી પણ તારી પનાહ માંગુ છું કે હું કોઈના પર અત્યાચાર કરું અથવા કોઈ મારા પર અત્યાચાર કરે.)

50 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ જારિસ્ સૂઇ ફી દારિલ્ મુકામતિ; ફઇન્-ન જારલ્ બાદિયતિ યતહવ્વલુ."
(અર્થ : હે અલ્લાહ ! હું કાયમી નિવાસની જગ્યાએ ખરાબ પાડોશીથી તારી પનાહ માંગુ છું, કારણકે તંબુમાં રહેનાર નિવાસી તો (થોડાક સમય પછી આમ તેમ) બદલતો રહે છે.)

51 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ કલ્-બિન્ લા યખ્-શઉ, વ મિન્ નફ્-સિન્ લા તશબઉ વ મિન્ દુઆઇન્ લા યુસ્-મઉ, વ મિન્ ઇલ્મિન્ લા યન્-ફઉ, અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ હુઉલાઇલ્ અર્-બઇ."
(અર્થ : હે અલ્લાહ ! હું એવા દિલથી જેમાં તારો ડર ન હોય, એવા નફસથી, જે ક્યારેય સંતુષ્ટ ન પામે, એવી દુઆથી, જે કબૂલ ન થાય અને એવા ઇલ્મથી, જે ફાયદો ન પહોંચાડે, હું આ ચાર વસ્તુથી તારી પનાહ માંગુ છું.)

52 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ યવ્-મિસ્ સૂઇ, વ મિન્ લય્-લતિસ્ સૂઇ, વ મિન્ સાઅતિસ્ સૂઇ, વ મિન્ સાહિબિસ્ સૂઇ, વ મિન્ જારિસ્ સૂઈ ફી દારિલ્ મુકામતિ." (અર્થ : હે અલ્લાહ ! હું દિવસની બુરાઈથી, રાતની બુરાઈથી, કોઈ પણ ક્ષણની બુરાઈથી, મિત્ર તરફથી આવનારી બુરાઈથી અને મારા ઘરની આજુબાજુ ના પાડોશીની બુરાઈથી હું તારી પનાહ માંગુ છું.)

53 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિન્ યવ્-મિસ્ સૂઇ, વ મિન્ લય્-લતિસ્ સૂઇ, વ મિન્ સાઅતિસ્ સૂઇ, વ મિન્ સાહિબિસ્ સૂઇ, વ મિન્ જારિસ્ સૂઈ ફી દારિલ્ મુકામતિ."

54 "અલ્લાહુમ્મ ફક્-કિહ્-ની ફીદ્ - દીનિ. "(અર્થ : હે અલ્લાહ ! તું મને દીનની સમજ આપ.)

55 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક અન્ ઉશ્-રિક બિક વ અના અઅ્લમુ, વ અસ્-તગ્-ફિરુક લિમા લા અઅ્લમુ."
(અર્થ : હે અલ્લાહ ! હું તારી પનાહમાં આવું છું કે હું જાણતા હોવા છતાય તારી સાથે શિર્ક કરું, અને હું જે જાણતો નથી તેની હું માફી માંગું છું.)

56 "અલ્લાહુમ્મન્ ફઅ્-ની બિમા અલ્લમ્તની, વ અલ્લિમ્-ની મા યન્-ફઉની, વ ઝિદ્-ની ઇલ્મા." (અર્થ : હે અલ્લાહ ! જે ઇલ્મ મેં પ્રાપ્ત કર્યું છે તેના દ્વારા તું મને ફાયદો પહોંચાડ અને જે ઇલ્મ મને ફાયદો પહોંચાડે તે ઇલ્મ મને શીખવાડ અને મારા ઈલ્મમાં વધારો કર.)

57 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક ઇલ્મન્ નાફિઅન્, વ રિઝ્-કન્ તય્યિબન્, વ અમલન્ મુતકબ્બલા." (અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે ફાયદાકારક ઇલ્મ, પવિત્ર રોજી, અને જે અમલ કબૂલ થાય તેનો સવાલ કરું છું.)

58 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક યા અલ્લાહુ બિઅન્નકલ્ વાહિદુલ્ અહદુસ્ સમદુલ્લઝી લમ્ યલિદ્ વ લમ્ યૂલદ્ વ લમ્ યકુલ્લહુ કુફુવન્ અહદુન્ અન્ તગ્ફિર લી ઝુનૂબી, ઇન્નક અન્તલ્ ગફૂરુર્ રહીમ." (અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે સવાલ કરું છું, હે અલ્લાહ ! તું ફક્ત એક જ છે, બેનિયાજ છે, ન તો તારી કોઈ સંતાન છે અને ન તો તું કોઈની સંતાન, તારા જેવું કોઈ નથી, એ કે તું મારા ગુનાહને માફ કરી દે, ખરેખર તું જ માફ કરવાવાળો અને ખૂબ જ દયાળુ છે.)



59 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક બિઅન્ન લકલ્ હમ્દ, લા ઇલાહ ઇલ્લા અન્ત, વહ્-દક લા શરીક લકલ્ મન્નાન્ યા બદીઅસ્ સમાવાતિ વલ્ અર્-ઝિ યા ઝલ્-જલાલિ વલ્ ઇક્-રામ, યા હય્યુ યા કય્યુમુ, ઇન્ની અસ્અલુકલ્ જન્નત વ અઊઝુ બિક મિનન્નારિ." (અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે સવાલ કરું છું, દરેક પ્રકારની પ્રશંસા ફક્ત તારા માટે જ છે, તારા સિવાય કોઈ ઇલાહ નથી, તું એક જ છે, તારો કોઈ ભાગીદાર નથી, હે ખૂબ જ આપનાર !, હે આકાશો અને જમીનનું સૌ પ્રથમ સર્જન કરનાર, પ્રતિષ્ઠા અને ખૂબ જ ઇઝ્ઝત ધરાવનાર, હે જીવિત અને બાકી રહેવાવાળા ! હું તારી પાસે જન્નતનો સવાલ કરું છું, અને જહન્નમની આગથી છુટકારા માટે સવાલ કરું છું.)

60 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક બિઅન્ની અશહદુ અન્નક અન્તલ્લાહ, લા ઇલાહ ઇલ્લા અન્ત, અલ્ અહદુ, અસ્ સમદુ, અલ્લઝી લમ્ યલિદ્, વ લમ્ યૂલદ્, વ લમ્ યકુલ્લહુ કુફુવન્ અહદુન્." (અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે સવાલ કરું છું, હું ગવાહી આપું છું કે તું જ ઇલાહ છે, તારા સિવાય કોઈ ઇલાહ નથી, તું ફક્ત એક જ છે, બેનિયાઝ છે, ન તો તારી કોઈ સંતાન છે અને ન તો તું કોઈની સંતાન, તારા જેવું કોઈ નથી.)



61 "રબ્બિગ્ફિર્ લી વ તુબ્ અલય્ય, ઇન્નક અન્તત્ તવ્વાબુલ્ ગફૂર."
(અર્થ : હે મારા પાલનહાર ! તું મને માફ કરી દે, મારી તૌબા કબૂલ કર, કારણકે તું જ તૌબા કબૂલ કરવાવાળો અને માફ કરવાવાળો છે.)

62 "અલ્લાહુમ્મ બિ ઇલ્મિકલ્ ગય્-બિ, વ કુદ્-રતિક્ અલલ્ ખલ્-કિ, અહ્-યિની મા અલિમ્-તલ્ હયાત ખય્-રન્ લી, વ તવફ્-ફની ઇઝા અલિમ્-તલ્ વફાત ખય્-રન્ લી." (અર્થ : હે અલ્લાહ ! હું તારા ગેબના ઇલ્મ તેમજ દરેક સર્જન પર તારી કુદરતનો આશરો આપી તારાથી સવાલ કરું છું, તું મને ત્યાં સુધી જીવિત રાખ જ્યાં સુધી તું જાણે કે જીવન મારા માટે ભલાઈનું કારણ છે અને મને ત્યાં સુધી મૃત્યુ ન આપ, જ્યાં સુધી તું જાણે કે મૃત્યુ મારા માટે શ્રેષ્ઠ છે.)

63 "અલ્લાહુમ્મ અસ્અલુક ખશ્યતક ફિલ્ ગય્-બિ વશ્-શહાદતિ, વ અસ્અલુક કલિમતલ્ હક્કિ ફિર્ રિઝા વલ્ ગઝબિ, વ અસ્અલુકલ્ કસ્-દ ફિલ્ ફક્-રિ વલ્ ગિના, વ અસ્અલુક નઇમન્ લા યન્-ફદ્દુ, વ અસ્અલુક કુર્-રત અય્-નિન્ લા તન્-કતિઉ, વ અસ્અલુકર્ -રિઝૉઅ બઅ્દલ્ કઝૉઇ, વ અસ્અલુક બર્-દલ્ અય્-શિ બઅ્દલ્ મવ્-તિ, વ અસ્અલુક લઝ્-ઝતન્ નઝરિ ઇલા વજ્-હિક, વશ્-શવ્-ક ઇલા લિકૉઇક ફી ગય્-રિ જર્-રૉઅ મુઝિર્-રતિન્, વલા ફિત્-નતિ મુઝિલ્લતિન્" (અર્થ: હે અલ્લાહ! હું જાહેર તેમજ આંતરિક બન્ને સ્થિતિમાં તારા ડરનો સવાલ કરું છું, તેમજ ખુશી અને ગમ બન્ને સ્થિતિમા કલમએ હક પઢવાની તૌફીક માંગુ છું, તેમજ ખુશહાલી અથવા તંગી બન્ને સ્થિતિમા મધ્યમ માર્ગ અપનાવવાનો સવાલ કરું છું, હું તારી પાસે એવી નેઅમતનો સવાલ કરું છું, જે ક્યારેય ખત્મ ન થાય અને હું તારી પાસે એવી આંખોની ઠંડકનો સવાલ કરું છું, જે ક્યારેય પૂર્ણ ન થાય, હું તારી પાસે તારા ફેસલા પર ખુશ થવાનો સવાલ કરું છું તેમજ હું મૃત્યુ પછી આરામ અને શાંતિ તલબ કરું છું અને હું તારી પાસે તારા દીદારની લિઝ્ઝત અને તારી મુલાકાત કરવાની ઈચ્છા ધરાવું છું અને પનાહ માંગુ છું એવી મુસીબતથી, જેના પર સબર ન થઈ શકે અને એવા ફિતનાથી જે પથભ્રષ્ટ કરી દે).

64 "અલ્લાહુમ્મ ઝય્યન્-ના બિઝીનતિલ્ ઇમાનિ, વજ્અલ્ના હુદાતન્ મુહ્-તદિન્" (અર્થ: હે અલ્લાહ! અમને ઇમાનના આભૂષણથી શણગાર તેમજ અમને (સત્યના) માર્ગદર્શક અને તેમાંથી કરી દે, જેમને તે હિદાયત (માર્ગદર્શન) આપી છે).

65 "અલ્લાહુમ્મર્ ઝુક્-ની હુબ્બક, વ હુબ્બ મય્ યન્-ફઅની હુબ્બુહુ ઇન્દક." (અર્થ : હે અલ્લાહ ! મને તારી મોહબ્બત નસીબ કર, અને તે વ્યક્તિની પણ મોહબ્બત નસીબ કર, જેની મોહબ્બત મને તારા દરબારમા ફાયદો પહોંચાડી શકે.)

66 "અલ્લાહુમ્મ મા રઝક્-તની મિમ્મા ઉહિબ્બુ ફજ્અલ્હુ કુવ્વતન્ લી ફીમા તુહિબ્બુ." (અર્થ : હે અલ્લાહ ! જે કંઈ પણ તું મને મારી મનગમતી રોજી આપે, તે રોજીને તારી મનગમતી વસ્તુઓમા ઉપયોગ કરવા માટેની શક્તિ અને તાકાતનું કારણ બનાવ.)

67 "અલ્લાહુમ્મ વમા ઝવય્ત અન્-ની મિમ્મા ઉહિબ્બુ ફજ્અલ્હુ ફરાગન્ લી ફીમા તુહિબ્બુ." (અર્થ : હે અલ્લાહ ! જે કંઈ મારા માટે તે રોકી રાખ્યું છે, જેને હું મોહબ્બત કરું છું, તેમાંથી તું તે વસ્તુને મારા માટે નક્કી કરી દે, જેનાથી તું મોહબ્બત કરે છે.)

68 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુ બિક મિનલ્ જુબ્-નિ,વલ્ બુખ્-લિ, વ સૂઇલ્ ઉમુરિ, વ ફિત્નતિસ્ સદ્-રિ, વ અઝાબિલ્ કબ્-રિ." (અર્થ : હે અલ્લાહ ! હું કાયરતા, કંજુસાઈથી તારી પનાહ માંગુ છું, તેમજ વૃદ્ધા વસ્થાની સ્થિતિથી તેમજ હૃદયના ફિતના અને કબરના અઝાબથી તારી પનાહ માંગુ છું.)

69 "અલ્લાહુમ્મ રબ્બ જિબ્-રઈલ વ મિકાઇલ, વ રબ્બ ઇસ્-રાફીલ, અઊઝુ બિક મિન્ હર્-રિન્ નાર, વ મિન્ અઝાબિલ્ કબ્-રિ." (અર્થ : હે અલ્લાહ ! જિબ્રઈલ, મિકાઈલ અને ઇસ્-રાફીલ ના રબ ! હું જહન્નમની આગથી તારી પનાહ માગું છું, અને કબરના અઝાબથી તારી પનાહ માગું છુ.)

70 "અલ્લાહુમ્મ અલ્-હિમ્-ની રુશ્દી, વ અઈઝ્-ની મિન્ શર્રિ નફ્સી." (અર્થ : હે અલ્લાહ ! તું મને ભલાઈની વાતો શીખવાડ અને મારા નફસની બુરાઈથી મને બચાવી લે.)

71 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક ઇલ્મન્ નાફિઆ, વ અઊઝુ બિક મિન્ ઇલ્મિન્ લાયન્ફઉ." (અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે ફાયદાકારક ઇલ્મનો સવાલ કરું છું અને એ ઇલ્મથી તારી પનાહ માંગુ છું, જે ફાયદો ન પહોંચાડે.)



"અલ્લાહુમ્મ રબ્બસ્ સમાવાતિસ્ સબ્ઇ, વ રબ્બલ્ અર્-ઝિ, વ રબ્બલ્ અર્-શિલ્ અઝીમિ, રબ્બના વ રબ્બ કુલ્લિ શયઇન્, ફાલિકલ્ હબ્બિ વન્-નવા, (૮) વ મુન્-ઝિલત્ તવ્-રાત, વલ્ ઇન્-જિલ, વલ્ ફુર્-કાન, અઊઝુ બિક મિન્ શર્-રિ કુલ્લિ શય્ઇન્ અન્ત આખિઝુન્ બિનાસિયતિહી, અલ્લાહુમ્મ અન્તલ્ અવ્વલુ, ફલય્-સ કબ્-લક શય્ઉન્, વ અન્તલ્ આખિરુ ફલય્સ બઅદક શય્ઉન્, વ અન્તઝ્ ઝોહિરુ ફલય્સ ફવ્કક શય્ઉન્, વ અન્તલ્ બાતિનુ ફલય્સ દૂનક શય્ઉન્, ઇક્-ઝિ અન્-નદ્-દય્ન, વ અગ્-નિના મિનલ્ ફક્-રિ"

(અર્થ : હે સાત આકાશોના માલિક, હે જમીનના માલિક, અને ઉંચ્ચ અર્શના માલિક, હે અમારા પાલનહાર ! દરેક વસ્તુનો માલિક, અને હે દાણાને ફાડી વૃક્ષ ઉગાડનાર અને તૌરાત, ઈન્જીલ તેમજ કુરઆન ઉતારનાર, હું દરેક વસ્તુની બુરાઈથી તારી પનાહ માગું છું, જેના પર તું સપૂર્ણ અધિકાર ધરાવે છે, તું સૌથી પહેલા છે અને તારા કરતા પહેલા કોઈ નથી, તું સૌથી છેલ્લો છે, તારા પછી કોઈ નથી, (અર્થાત્ શરૂ થી લઇ છેલ્લે સુધી તું જ છે) તું જાહેર છે અને તારા ઉપર કોઈ વસ્તુ નથી, તું (લોકોની નઝરોથી છુપાયેલો છે) પરંતુ તારાથી વંચિત કોઈ વસ્તુ નથી, અમારું દેવું ચૂકવી દે અને અમારી લાચારી દુર કરી દે.



8 અર્થાત : દાણાને ફાડી તેમાંથી ડાળી ઉગાડનાર, વન્-નવાત : જેનાથી ખજૂરનું ઝાડ નીકળે છે.
અલ્ મુફ્-હિમ્ લિમા અશ્કલ મિન્ તલ્ખીસ્ કીતાબિ મુસ્લિમ (૭/૪૧)

73 "અલ્લાહુમ્મ અલ્લિફ્ બય્ન કુલૂબિના, વ અસ્લિહ્ ઝાત બય્-નિના, વહ્-દિના સુબુલસ્ સલામિ, વ નજ્-જિના મિનઝ્ ઝુલુમાતિ ઇલન્ નૂર, વ જન્-નિબ્-નલ્ ફવાહિશ વલ્ ફિત્-ન, મા ઝહર મિન્હા, વમા બતન, વ બારિક્ લના ફી અસ્માઇના, વ અબ્સારિના, વ કુલૂબિના, વ અઝ્-વાજિના, વ ઝુર્-રિય્યાતિના, વ તુબ્ અલય્-ના ઇન્નક અન્તત્ તવ્વાબુર્ રહીમ, વજ્ અલ્ના શાકિરીન લિનિઅમિક્, મુષ્નીન બિહા અલય્ક, કાબિલીન લહા, વ અત્-મિમ્-હા અલય્ના." (અર્થ : હે અલ્લાહ ! તું અમારા દિલોમાં મોહબ્બત પેદા કરી દે, અને અમારી સ્થિતિ સારી બનાવી દે, અને શાંતિના માર્ગ તરફ અમારું માર્ગદર્શન કરી દે, અને અમને અંધારા માંથી છુટકારો આપી પ્રકાશ તરફ અમને માર્ગદર્શન આપ, આંખ, દિલ અને અમારી પત્નીઓ તેમજ બાળકોમાં બરકત આપ, અને અમારી તૌબા કબુલ કર, તું જ તૌબા કરવાવાળો અને રહમ કરવાવાળો છે, અને તે આપેલ નેઅમતો પર શુકર કરવાવાળો બંદો અને તારી પ્રશંસા કરવાવાળો બંદો અને કબુલ કરવાવાળો બંદો બનાવી દે, અને હે અલ્લાહ ! તું આ નેઅમતોને અમારા પર પૂરી કરી દે.)

74 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક ખય્-રલ્ મસ્અલતિ,વ ખય્-રદ્ દુઆઇ, વ ખય્-રન્-નજાહ, વ ખય્-રષ્-ષવાબિ, વ ખય્-રલ્ હયાતિ, વ ખય્-રલ્ મમાતિ, વ ષબ્બિત્ની, વ ષક્કિલ્ મવાઝીની વ હક્-કિક્ ઈમાની, વર્-ફઅ દરજાતી, વ તકબ્બલ્ સલાતી, વગ્ફિર્ ખતીઅતી, વ અસ્અલુકદ્ દરજાતિલ્ ઉલા મિનલ્ જન્નતિ." (અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે શ્રેષ્ઠ બાબત, ઉત્તમ દુઆ, શ્રેષ્ઠ સફળતા, ઉત્તમ અમલ, શ્રેષ્ઠ સવાબ, શ્રેષ્ઠ જીવન અને ઉત્તમ મૌતનો સવાલ કરું છું, મને દીન પર અડગ રાખ, મારા ત્રાજવાને વજનદાર કરી દે, મારા ઇમાનની પુષ્ટિ કર, મારા દરજ્જા બુલંદ કર, મારી નમાઝ કબૂલ કર, મારા ગુનાહને માફ કરી દે, મને જન્નતમા ઉચ્ચ મુકામ(ઠેકાણું ) આપ.)

75 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક ફવાતિહલ્ ખય્-રિ, વ ખવાતિમહુ, વ જવામિઅહુ, વ અવ્વલહુ, વ ઝાહિરહુ, વ બાતિનહુ, વદ્ દરજાતિલ્ ઉલા મિનલ્ જન્નતિ." (અર્થ : હે અલ્લાહ ! હું તારી પાસે ભલાઈની શરૂઆત, તેનો અંત, તેના વ્યાપક પાસાઓ, તેનો આરંભ, તેના બાહ્ય અને આંતરિક પાસાઓ અને જન્નતમાં ઉચ્ચતમ દરજ્જાઓ માંગુ છું.)

76 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક ખય્-ર મા આતી, વ ખય્-ર મા અફ્અલુ, વ ખય્-ર અઅમલુ, વ ખય્-ર બતન, વ ખય્-ર મા ઝહર, વદ્ દરજાતિલ્ ઉલા મિનલ્ જન્નતિ." (હે અલ્લાહ ! હું તારી પાસે મારી તરફ આવનારી ભલાઈનો સવાલ કરું છું, શ્રેષ્ઠ કાર્યો કરવા, ઉત્તમ અમલ કરવા, બાહ્ય અમલમાં સૌથી શ્રેષ્ઠ અમલ કરવા, જાહેર કામો માંથી સૌથી શ્રેષ્ઠ તેમજ જન્નતમાં બુલંદ દરજ્જાનો સવાલ કરું છું.)

ضيوف الرحمن
hajjumrh.com

77 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક અન્ તુબારિક ફી નફ્સી, વ ફી સમ્ઇ, વ ફી બસરી, વ ફી રુહી, વ ફી ખલ્કી, વ ફી ખુલુકી, વફી અહ્લી, વફી મહ્યાય, વફી મમાતી, વફી અમલી, ફતકબ્બલ્ હસનાતી, વ અસ્અલુકદ્ દરજાતિલ્ ઉલા મિનલ્ જન્નતિ" (અર્થ: હે અલ્લાહ! હું તારી પાસે મારા નફ્સ, મારા સાંભળવાની શક્તિમાં, મારી દૃષ્ટિ, મારી આત્મા, મારા સર્જન, મારા ચારિત્ર્ય, મારા પરિવાર, મારા જીવન, મારા મૃત્યુ અને મારા કાર્યોમાં બરકતનો સવાલ કરું છું, મારી નેકીઓને કબૂલ કર તેમજ જન્નતમાં ઉચ્ચ દરજ્જાનો સવાલ કરું છું).

78 "અલ્લાહુમ્મ જન્નિબ્ની મુન્કરાતિલ્ અખ્લાકિ, વલ્ અઅમાલિ, વલ્ અહ્વાઇ, વલ્ અદ્ વાઈ" (અર્થ: હે અલ્લાહ! તું મને નિંદનીય ચારિત્ર્ય, કાર્યો, મનેચ્છાઓ તેમજ રોગોથી સુરક્ષિત રાખ).

79 "અલ્લાહુમ્મ કન્નિઅની બિમા રઝક્તની, વ બારિક લી ફીહિ, વખ્લુફ્ અલય્ય કુલ્લ ગોઇબતિન્ લી બિખય્રિન્" (અર્થ: હે અલ્લાહ! તે જે મને રોજી આપી રાખી છે, તેમાં મને સંતુષ્ટ કરી દે અને તેમાં બરકત આપ અને તે દરેક વસ્તુમાં ભલાઈ આપ, જે મારી પાસે નથી).

80 "અલ્લાહુમ્મ હાસિબ્ની હિસાબય્ યસીરા" (અર્થ: હે અલ્લાહ! તું (કયામતના દિવસે) મારો હિસાબ સરળ લેજે).

81 "અલ્લાહુમ્મ અઇન્ની અલા ઝિક્રિક, વ શુક્રિક, વ હુસ્નિ ઇબાદતિક્" (અર્થ: હે અલ્લાહ! મને તારો ઝિક્ર કરવા, તારો આભાર વ્યક્ત કરવા અને તારી ઈબાદત સારી રીતે કરવામાં અમારી મદદ કર).

82 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક ઇમાનન્ લા યર્તદ્-દુ, વ નઇમન્ લા યન્ફદુ, વ મુરાફકત નબિય્યિક મુહમ્મદીન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ફી અઅલા જન્નતિલ્ ખુલ્દિ" (અર્થ: હે અલ્લાહ! તું મને એવું ઈમાન નસીબ કર, જે ક્યારેય ડગમગે નહીં અને એવી નેઅમત આપ, જે ક્યારેય ખત્મ ન થાય, અને હંમેશા રહેવા વાળી જન્નતમાં ઉચ્ચ દરજ્જા સાથે તારા નબી મોહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો સાથ નસીબ કર).



83 "અલ્લાહુમ્મ કિની શર્ર નફ્સી, વઅઝિમ્ લી અલા અર્શદિ અમ્રી, અલ્લાહુમ્મગ્ફિર્ લી મા અસરર્-તુ, વમા અઅલન્તુ, વમા અખ્તઅતુ, વમા અમદ્તુ, વમા અલિમ્તુ, વમા જહિલ્તુ" (અર્થ: હે અલ્લાહ! મને મારા નફસની બુરાઈથી બચાવ, અને હિદાયતના માર્ગ પર મારા ઈરાદાને મજબૂત બનાવી દે, હે અલ્લાહ! મારા તે ગુનાહ માફ કરી દે, જે મેં એકાંતમાં કર્યા હોય, જે જાહેરમાં કર્યા હોય, જે અજાણતામાં કર્યા હોય અથવા જાણતા કર્યા હોય, તે ગુનાહ પણ માફ કરી દે, જેને હું જાણું છું અને તે પણ જે હું જાણતો નથી).

84 "અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુબિક મિન્ ગલબતિત્ દૈનિ, વ ગલબતિલ્ અદુવ્વિ, વશમાતતિલ્ અઅદાઅ" (અર્થ: હે અલ્લાહ! હું દેવામાં ફસાઈ જવાથી, દુશ્મનના મારા પર હાવી થવાથી, તેમજ દુશ્મનોના મારા પર હસવાથી તારી પનાહ માંગુ છું).

85 "અલ્લાહુમ્મગ્ફિર્ લી, વહ્દિની, વર્ઝુક્ની, વ આફિની, વ અઊઝુ બિલ્લાહિ મિન્ ઝીકિલ્ મકોમિ યવ્મલ્ કિયામતિ" (અર્થ: હે અલ્લાહ! તું મને માફ કરી દે, મને માર્ગદર્શન આપ, મને રોજી આપ, મને આફિયત આપ અને હું કયામતના દિવસે જગ્યાની તંગીથી તારી પનાહ માંગુ છું).

86 "અલ્લાહુમ્મ મત્તિઅની બિસમ્ઇ, વ બસરી, વજ્અલ્હુમલ્ વારિષ મિન્ની, વન્સુર્ની અલા મય્ યઝ્લિમુની, વ ખુઝ્ મિન્હુ બિષઅરી" (અર્થ: હે અલ્લાહ! તું મારા કાન અને મારી આંખ વડે મને ફાયદો પહોંચાડ, તેને મારા વારસદાર માટે નક્કી કરી દે, જે મારા પર જુલમ કરે તું તેના વિરુદ્ધ મારી મદદ કર અને જાલિમ પાસે તું મારો બદલો લે).

87 "અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક ઇશતન્ નકીય્યતન્, વ મીતતન્ સવિય્યતન્, વ મરદ્-દન ગય્ર મુખ્ઝિન્, વલા ફાઝિહિન્" (અર્થ: હે અલ્લાહ! હું તારી પાસે એક પવિત્ર જીવન, સામાન્ય મૃત્યુ અને એ રીતે પાછા ફરવાનો સવાલ કરું છું, જે શરમજનક અને નિંદનીય ન હોય).

88 "અલ્લાહુમ્મ અહ્સન્ત ખલ્કી, ફઅહ્સિન્ ખુલુકી" (અર્થ: હે અલ્લાહ! જે રીતે તે મારી રચના ઉત્તમ કરી છે, તું એવી જ રીતે મારા અખલાક (ચારિત્ર્ય) સારા બનાવી દે).

89 "અલ્લાહુમ્મગ્ફિર્ લિલ્ મુઅમિનીન વલ્ મુઅમિનાતિ" (અર્થ: હે અલ્લાહ! તું ઇમાનવાળા પુરુષો અને ઇમાનવાળી સ્ત્રીઓને માફ કરી દે).

90 "અલ્લાહુમ્મ ષબ્બિત્ની વજ્અલ્ની હાદિયન્ મહ્દિય્યન્" (અર્થ: હે અલ્લાહ! તું મને દીન પર અડગ કરી દે અને (તારા તરફથી) હિદાયત આપનાર અને હિદાયત મેળવનાર બનાવી દે).

ضيوف الرحمن
hajjumrh.com

91 "અલ્લાહુમ્મ આતિનિલ્ હિક્મતલ્લતી મન્ ઉતીહા ફકદ્ ઉતિય ખય્રન્ કષીરન્" (અર્થ: હે અલ્લાહ! મને હિકમત આપ અને જેને હિકમત આપી દેવામાં આવી તેને ઘણી ભલાઈઓ આપવામાં આવી).

**અલ્લાહ સૌથી વધારે જાણવાવાળો છે, દરૂદ અને સલામતી ઉતરે આપણાં નબી મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસ્સલમ પર.**

*************



# تعرف على الإسلام
# بأكثر من 100 لغة

موسوعة الأحاديث النبوية
HadeethEnc.com

ترجمات متقنة للأحاديث النبوية وشروحها بأكثر من (60) لغة

بيان الإسلام
byenah.com

مواد منتقاة للتعريف بالإسلام وتعليمه بأكثر من (120) لغة

موسوعة القرآن الكريم
QuranEnc.com

ترجمات متقنة لمعاني القرآن الكريم بأكثر من (75) لغة

موسوعات وخدمات إسلامية باللغات
s.islamenc.com

للمزيد
من المواقع الإسلامية
بلغـــــات العـــــالم

جامع المحتوى الإسلامي باللغات
islamcontent.com

مواد إسلامية متنوعة وشاملة بأكثر من (125) لغة

ضيوف الرحمن
hajjumrh.com

مواد منتقاة للحجـــــاج
والمعتمرين و الزوار
بلغات العالم

جمعية خدمة المحتوى الإسلامي باللغات

ضيوف الرحمن
hajjumrh.com